# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-02-2025** **MIDDAY: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

***************************************************

1) છત્તીસગઢના બિજાપુરમાં સલામતી દળોએ 31 માઓવાદીઓને ઠાર કર્યા. બે જવાન શહિદ થયા

2) મણીપુરના મુખ્યમંત્રી એન. બિરેનસિંહે રાજ્યપાલને પોતાનું રાજીનામું આપ્યું.

3) પ્રધાનમંત્રી આવતીકાલે "પરિક્ષા પે ચર્ચા" કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધશે

4) દ્વિપક્ષિય સબંધોને વધુ મજબૂત બનાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ફ્રાન્સ અને અમેરિકાના પ્રવાસ જશે.

5) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલે પ્રયાગરાજમાં મહાકુંભમાં ત્રિવેણી સંગમ પર આસ્થાની ડુબકી લગાવશે

**6)** કટક વન ડેમાં ઇગ્લેંડે આપેલા જીત માટેના 305 રનના લક્ષ્યાંકને હાંસલ કરવા ભારતીય ઓપનરોની આક્રમક શરૂઆત

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# FINAL CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથે ચાલી રહેલી અથડામણમાં 31 માઓવાદીઓ ઠાર થયા છે. ગોળીબારમાં બે સુરક્ષા કર્મચારીઓ પણ માર્યા ગયા છે અને બે અન્ય ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર તમામ માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે.

મળેલી માહિતી અનુસાર સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમ બીજાપુર જિલ્લાના રાષ્ટ્રીય ઉદ્યાનના જંગલોમાં મોટી સંખ્યામાં માઓવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશનમાં હતી. આજે સવારથી સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે સમયાંતરે ગોળીબાર ચાલી રહ્યો છે. ઘટનાસ્થળેથી મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યો હોવાની માહિતી બિજાપુરના ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ પી. સુન્દર રાજે આપી હતી.

(બાઇટ- પી. સુન્દર રાજ, બિજાપુર આઇજી)

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH ON CHATTISGADH

ગૃહમંત્રી અમિત શાહે આજે છત્તીસગઢમાં નક્સલવાદીઓ સામેના ઓપરેશનમાં શહીદ થયેલા બે શહીદ સૈનિકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે જણાવ્યું હતું કે દેશ હંમેશા આ નાયકોનો ઋણી રહેશે. તેમણે કહ્યું કે સુરક્ષા દળોએ આજે છત્તીસગઢના બીજાપુરમાં મોટી સફળતા મેળવી છે જ્યાં 31 નક્સલીઓ માર્યા ગયા હતા અને મોટી માત્રામાં શસ્ત્રો અને વિસ્ફોટકો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. ગૃહમંત્રીએ આગામી વર્ષે 31 માર્ચ સુધીમાં દેશમાંથી નક્સલવાદને સંપૂર્ણપણે નાબૂદ કરવાના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# MANIPUR CM RESIGNS

મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે આજે રાજીનામું આપ્યુ હતું..રાજભવન ખાતે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને તેમણે પોતાનુ રાજીનામું સુપરત કર્યું હતું તેમની સાથે ભાજપ અને એનપીએફના ૧૪ ધારાસભ્યો પણ હતા. રાજ્ય ભાજપ પ્રમુખ એ શારદા અને ભાજપના વરિષ્ઠ નેતા સંબિત પાત્રા પણ પ્રતિનિધિમંડળ સાથે હતાં..રાજ્યપાલને મળ્યા બાદ, બિરેન સિંહ મુખ્યમંત્રી સચિવાલય ગયા.

રાજ્યપાલને લખેલા પત્રમાં, સિંહે કહ્યું, "મણિપુરના લોકોની સેવા કરવી એ અત્યાર સુધી સન્માનની વાત રહી છે. હું કેન્દ્ર સરકારનો સમયસર પગલાં, હસ્તક્ષેપ, વિકાસલક્ષી કાર્ય અને મણિપુરીના હિતોનું રક્ષણ કરવા માટે વિવિધ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે ખૂબ આભારી છું."

દિલ્હીથી પરત ફર્યાના થોડા કલાકો પછી આ રાજીનામું આપવામાં આવ્યું હતું. શનિવારે, સિંહે ૧૦ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા આગામી વિધાનસભા સત્રના સંદર્ભમાં મુખ્યમંત્રી સચિવાલય ખાતે ભાજપની આગેવાની હેઠળના શાસક ગઠબંધનના ધારાસભ્યો સાથે બેઠક બોલાવી હતી. વિપક્ષ કોંગ્રેસ દ્વારા સિંહની આગેવાની હેઠળની સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની માંગણીને પગલે આ બેઠક યોજાઈ હતી.

. . . . . . . . . . . . . . .

# PPC-2025

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા વિદ્યાર્થીઓ સાથેનો સંવાદ કાર્યક્રમ, પરીક્ષા પે ચર્ચા ની આઠમી આવૃત્તિ, આવતીકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. પ્રધાનમંત્રી સાથે સીધી વાતચીત કરવા માટે તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના 36 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. 5 કરોડથી વધુ ભાગીદારી સાથે, આ વર્ષનો કાર્યક્રમ જન આંદોલન તરીકે તેની સ્થિતિનું ઉદાહરણ આપે છે, જે શિક્ષણના સામૂહિક ઉજવણીને પ્રેરણા આપે છે. પરીક્ષા પે ચર્ચા 2025 માં સાત એપિસોડ દર્શાવવામાં આવશે, જેમાં વિવિધ ક્ષેત્રોના પ્રખ્યાત વ્યક્તિઓ જીવન અને શિક્ષણના આવશ્યક પાસાઓ પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે એકસાથે આવશે.

આ કાર્યક્રમ આકાશવાણી, દૂરદર્શન, સ્વયં, સ્વયં પ્રભા, PMO યુટ્યુબ ચેનલ અને શિક્ષણ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયોની સોશિયલ મીડિયા ચેનલો પર લાઇવ પ્રસારિત કરવામાં આવશે.

વર્ષોથી, આ ક્રાર્યક્રમ પરીક્ષા સંબંધિત તણાવને સકારાત્મક ઉર્જામાં રૂપાંતરિત કરવાના હેતુથી વિકસિત થયો છે. વાસ્તવિક પ્રશ્નોને સંબોધિત કરીને અને કાર્યક્ષમ ઉકેલો પ્રદાન કરીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દબાણ મુક્ત બનીને પરીક્ષા આપવા વિદ્યાર્થીઓને પ્રેર્યા છે.

. . . . . . . . . . . . . . .

# PM CAG REPORT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના લોકોને ખાતરી આપી હતી કે દિલ્હીમાં આપ સરકારનો કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ,CAGનો અહેવાલ વિધાનસભાના પ્રથમ સત્રમાં રજૂ કરાશે.

ભાજપે 70 માંથી 48 વિધાનસભા બેઠકો જીતીને ચૂંટણી વિજય મેળવ્યા બાદ, ગઈકાલે ભાજપ મુખ્યાલય ખાતે પક્ષના સમર્થકોને સંબોધતા પ્રધાનમંત્રીએ આ વાત કહી હતી.

(બાઈટ --નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

CAG રિપોર્ટમાં દિલ્હી સરકારની આબકારી નીતિમાં અનિયમિતતાઓને કારણે બે હજાર 26 કરોડ રૂપિયાનું આર્થિક નુકસાન જાહેર થયું હતું. રિપોર્ટના તારણોમાં જણાવાયું છે કે નીતિના ઉદ્દેશ્યોથી વિચલનો, કિંમત નિર્ધારણમાં પારદર્શિતાનો અભાવ અને દંડ ન કરાયેલા લાઇસન્સ આપવામાં ઉલ્લંઘનો હતા.

રિપોર્ટ મુજબ, રાજ્યના ખજાનાને બે હજાર 26 કરોડનું નુકસાન થયું, જેમાંથી 890 કરોડ રૂપિયા સરકાર દ્વારા પોલિસી અવધિ પૂર્ણ થાય તે પહેલાં સોંપાયેલા લાઇસન્સ ફરીથી ટેન્ડર કરવામાં નિષ્ફળતાને કારણે થયા. વધુમાં, ઝોનલ લાઇસન્સ માટે આપવામાં આવેલી છૂટછાટોને કારણે 941 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

. . . . . . . . . . . . . . .

# PM FRANCE US

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ફ્રાન્સ અને અમેરિકાના રાજદ્વારી પ્રવાસ જશે., આ પ્રવાસનો ઉદ્દેશ્ય બંને દેશો સાથે વ્યૂહાત્મક, આર્થિક અને તકનીકી ભાગીદારીને મજબૂત બનાવવાનો છે. 10 થી 12 ફેબ્રુઆરી દરમિયાન પ્રધાનમંત્રી ફ્રાન્સમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એક્શન સમિટ 2025 માં હાજરી આપશે, મુખ્ય દ્વિપક્ષીય ચર્ચાઓમાં ભાગ લેશે અને માર્સેલીમાં ભારતના નવા કોન્સ્યુલેટ જનરલનું ઉદ્ઘાટન કરશે.

આકાશવાણી સમાચાર સાથે ખાસ વાત કરતા, ફ્રાન્સમાં ભારતીય રાજદૂત સંજીવ કુમાર સિંગલાએ સમજાવ્યું કે ભારતની પ્રાથમિક ચિંતા એ સુનિશ્ચિત કરવાની છે કે AI પસંદગીના ભૌગોલિક વિસ્તારોમાં થોડા લોકો અથવા થોડી કંપનીઓનું વિશિષ્ટ ક્ષેત્ર ન બને. તેમણે ભાર મૂક્યો કે AI ખુલ્લું, સુરક્ષિત, સમાવિષ્ટ અને વિશ્વસનીય રહેવું જોઈએ -

રાજદૂત સિંગલાએ વધુમાં પ્રકાશિત કર્યું કે 12 ફેબ્રુઆરીએ માર્સેલીમાં ભારતના નવા કોન્સ્યુલેટ જનરલનું ઉદ્ઘાટન ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર (IMEC) ના માળખામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તેમણે નોંધ્યું હતું કે આ નવું કોન્સ્યુલેટ માર્સેલીમાં મોટી સંખ્યામાં ભારતીય ડાયસ્પોરા માટે કોન્સ્યુલર સેવાઓમાં વધારો કરશે અને આ ક્ષેત્રમાં ભારતની વ્યૂહાત્મક હાજરીને મજબૂત બનાવશે.

ફ્રાન્સથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 12 ફેબ્રુઆરીએ અમેરિકા જશે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે પ્રયાગરાજમાં મહાકુંભની મુલાકાત લેશે. તેઓ ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવશે. રાષ્ટ્રપતિ પ્રયાગરાજમાં અક્ષયવત અને બડે હનુમાન મંદિરની પણ મુલાકાત લેશે. તેઓ ડિજિટલ મહાકુંભ એક્સપિરિયન્સ સેન્ટરમાં આધુનિક ટેકનોલોજી દ્વારા મહાકુંભ વિશેની માહિતી મેળવશે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ આ પ્રસંગે હાજર રહેશે.

. . . . . . . . . . . . . . .

# CUTAK ONE DAY

કટકમાં રમાઇ રહેલી ઇગ્લેંડ સામેની બીજી વન ડેમાં ભારતે આક્રમક શરૂઆત કરી છે.. પ્રવાસી ટીમે આપેલા જીત માટેના 305 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ભારતીય ઓપનરે અડધી સદી ફટકારીને સદીની ભાગીદારી કરી હતી.. ગીલ આક્રમક 60 કરીને આઉટ થયો હતો.. છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે ભારતે ..19.3 ................ઓવરમાં ..બે..... વિકેટે ....151....... રન કર્યા હતા.રોહિત શર્મા 81 અને વિરાટ કોહલી પાંચ રને આઉટ થયો હતો.

જોકે મેદાનની ફ્લડ લાઇટ બંધ થવાને કારણે મેચ થોડો સમય અટકી ગઇ હતી.

અગાઉ ટોસ જીતીને ઇંગ્લેડે પહેલા બેટિંગ પસંદ કરી હતી..બેન ડકેટ અને રૂટની અડધી સદીની સહાયથી પ્રવાસી ટીમે 304 રન કર્યા હતા.. પ્રવાસી ટીમના ત્રણ ખેલાડીઓ રન આઉટ થયા હતા ભારત તરફથી જાડેજાએ ત્રણ જ્યારે શામી , પંડ્યા, રાણા અને વરૂણે એક-એક વિકેટ ઝડપી હતી.

.

. . . . . . . . . . . . . . .